ક્રમાંક : ધ /અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૧૯૧૮-૫૧

કમિશનર શાળાઓની કચેરી

૯/૧ ડો જીવરાજ મહેતા ભવન

ગુ.રા., ગાંધીનગર

તા.૧૯/૬/૨૦૧૮

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા બાબતે વિડિયો કોન્ફરન્સ રાખવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા બાબતે તા. ૨૦/૦૬/૨૦૧૮ના રોજ ૧૧.૦૦ કલાક થી ૧૨.૩૦ કલાક સુધી વિડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સમયે વિડિયો કોન્ફરન્સમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ શિક્ષણ વિભાગના તા. ૨૫/૦૭/૧૭ના જાહેરનામા ક્રમાંક: GH/SH/77/BMS/1115/1295/G, તા. ૨૯/૦૯/૧૭ના જાહેરનામા ક્રમાંક: GH/SH/7/BMS/1109/1906/G તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ તા. ૨૫/૧૦/૨૦૧૭ની જોગવાઇઓ ધ્યાને લઈ આચાર્યની ભરતી પ્રક્રિયા દરમ્યાન નીચેની સૂચનાઓ ધ્યાને લેવાની રહે છે.

૧. દરેક જિલ્લામાં શિક્ષણ વિભાગના જાહેરનામા તા. ૨૫-૦૭-૨૦૧૭ ના નિયમ ૫ માં દર્શાવેલ મુજબની શાળા પસંદગી સમિતિની રચના કરવા જિલ્લા શિક્ષણાધિકારીને જાણ કરેલ છે અને પુન: જાણ કરવી.
૨. પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોના મેરીટ અને શાળા પસંદગીના વિકલ્પના આધારે ફાળવવામાં આવનાર શાળાવાર ઉમેદવારોની યાદીના આધારે દરેક ઉમેદવારોને શાળા સંચાલક મંડળ અને જિલ્લા શિક્ષણાધિકારી ના સંયુક્ત પત્રથી રૂબરૂ મુલાકાત માટે જાણ કરશે.
3. શાળા પસંદગી સમિતિ દ્વારા શિક્ષણ વિભાગના તા. ૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાની જોગવાઇ ૭(૪) માં રૂબરૂ મુલાકાત સમયે નક્કી થયેલ કુલ ૧૦ માપદંડો (a to j) માં રૂબરૂ મુલાકાત સમયે નક્કી થયેલ ૧૦ માપદંડો માટે મહત્તમ ૪૦ ગુણ આપવાની જોગવાઇ છે. પ્રત્યેક માપદંડ માટે મહત્તમ ૪ ગુણ લેખે રૂબરૂ મુલાકાતમાં ગુણાંકન કરવુ રહેશે, આમ કૂલ ૧૦ માપદંડના ૪ ગુણ લેખે કુલ ૪૦ ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે. ૦.૫ (૧/૨) ગુણનાં ગુણાંકનમાં ગુણ આપી શકાશે.
૪. શાળા પસંદગી સમિતિ કુલ ૫ સભ્યોની બનેલી છે. પસંદગી સમિતિ માટે ત્રણ સભ્યોની કોરમ જરૂરી છે. ઉક્ત પાંચ સભ્યો પૈકી એક સભ્ય જે શાળાનું INTERVIEW હોય તે શાળાના તાલુકા બહારના

કેળવણીકાર તરીકે સંચાલક મંડળ જિલ્લા શિક્ષણાધિકારીની પરામર્શમાં રહીને ભલામણ કરેલ હોય તેઓને પસંદ કરવાના રહેશે. અન્ય બે સભ્યો જે શાળાનું INTERVIEW હોય તે શાળાના સંચાલક મંડળ દ્વારા પસંદ કરેલ હોય તેવા નિયુક્ત કરવાના રહેશે.

૫. જિલ્લા શિક્ષણાધિકારી દરેક શાળા પસંદગી સમિતિના અધ્યક્ષ રહેશે અને સભ્ય સચિવ તરીકે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના શિક્ષણ નિરીક્ષક રહેશે.

૬. શાળા સંચાલક મંડળ દ્વારા INTERVIEW સબબનો તમામ ઓરિજિનલ રેકોર્ડ સાચવવાનો રહેશે. આ તમામ રેકર્ડની એક નકલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સાચવવાની રહેશે.

૭. દરેક જિલ્લાએ તેમના જિલ્લામાં ભરવા પાત્ર આચાર્યોની જગ્યાઓ ધ્યાને લઈ જિલ્લા કક્ષાએ આચાર્ય ઉમેદવાર પસંદગી પૂર્ણ કરવાની રહેશે.

૮. શાળા પસંદગી સમિતિ દ્વારા ૪૦ ગુણાંકનમાંથી આપવામાં આવેલ ગુણ અને રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારોની લાયકાત અને આચાર્ય માટેની TAT-૨૦૧૪/HMAT-૨૦૧૭ ના ગુણાંકનના આધારે તૈયાર થયેલ મેરીટ ગુણનો (૧૦૦ ગુણમાંથી) સરવાળો કરી સંયુક્ત ૧૪૦ ગુણમાંથી મેરીટના ગુણાંકનના આધારે સૌથી વધુ ગુણાંકન વાળા મહત્તમ પ્રથમ ૩ ઉમેદવારોની યાદી તૈયાર કરવાની રહેશે અને જાહેરનામા ના નિયમ ૧૦(૪) ના અંતિમ ફકરામાં દર્શાવ્યા મુજબની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

૯. ઉમેદવારોને તેમની પસંદગી અંગે તે જ દિવસે જિલ્લાશિક્ષણાધિકારી દ્વારા ભલામણ પત્ર આપવાના રહેશે અને શાળા સંચાલક મંડળે ભલામણ પત્ર મળ્યાના દિન ૩ માં પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક પત્ર પાઠવવાનો રહેશે અને ઉમેદવારે નિમણૂંક પત્ર મળ્યાના દિન-૭માં શાળામાં હાજર થવાનું રહેશે. પરંતુ ઉપરોક્ત મુદ્દા નં. ૯ની કામગીરી નામ. હાઇકોર્ટમાં દાખલ થયેલ SCA/૨૧૪૮૬/૨૦૧૭ તથા SCA/૨૨૭૨/૨૦૧૮ અને અન્ય ગ્રુપ મેટરોના ચુકાદાને આધિન આ કચેરીએથી સૂચના મળ્યા બાદ કામગીરી હાથ ધરવાની રહેશે.

(હર્ષવર્ધન મોદી)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક) અને સભ્ય સચિવ

બીડાણ ઉપર મુજબ